ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

# સહકાર

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

International Year of Cooperatives 2025

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com

Accredited by NABARD, C-PEC (BIRD), Lucknow as Centre for Professional Excellence in Cooperatives.

સંપાદક મંડળઃ ઘનશ્યામભાઈ એચ. અમીન ■ ભીખાભાઈ ઝ. પટેલ ■ તંત્રીઃ ડો. રાજેન્દ્ર સી. ત્રિવેદી ■ વર્ષઃ 73 ■ અંકઃ 22 ■ તારીખઃ 20, ફેબ્રુઆરી, 2026 ■ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ■ કિંમત રૂ. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and Ahmedabad Unaccountable L1 on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.

### કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ દ્વારા 'ભારત ટેક્સી'નું ઔપચારિક લોન્ચિંગ

## 'ભારત ટેક્સી' વિશ્વની અનોખી સહકારી કંપની છે, જેમાં ટેક્સી ચલાવનાર સારથી જ તેનો માલિક રહેશે, જે તેમની આર્થિક પ્રગતિનો આધાર બનશે : શ્રી અમિતભાઈ શાહ

નવી દિલ્હી : કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે નવી દિલ્હીમાં ભારતની પ્રથમ સહકારી આધારિત ટેક્સી સેવા 'ભારત ટેક્સી'નો ઔપચારિક પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે સહકાર રાજ્ય મંત્રી શ્રી કૃષ્ણ પાલ ગુર્જર, શ્રી મુરલીધર મોહોલ, સહકાર સચિવ ડૉ. આશિષ કુમાર ભૂતાની સહિત અનેક અગ્રણીઓ હાજર રહ્યા. દેશના વિવિધ રાજ્યોમાંથી 1,200થી વધુ સારથીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો.

શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વ હેઠળ સહકાર મંત્રાલય અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે માલિકી હક આધારિત મોડલ વિકસાવી રહ્યું છે. 'ભારત ટેક્સી' દ્વારા સરકાર નહીં, પરંતુ સહકાર ટેક્સી ક્ષેત્રમાં પ્રવેશી રહ્યું છે. 'ભારત ટેક્સી' વિશ્વમાં કદાચ પહેલીવાર એવી કંપની ઊભી થઈ રહી છે જેમાં ટેક્સી ચલાવનાર સારથી જ તેનો સચ્ચો માલિક હશે. કાશ્મીરથી કન્યાકુમારી અને દ્વારકાથી કામાખ્યા સુધી સહકાર ટેક્સી સારથીઓના કલ્યાણનું મોટું સાધન બનશે. દેશમાં 'અમૂલ', 'IFFCO', 'KRIBHCO' જેવી વિશ્વસ્તરીય સહકારી સંસ્થાઓ ઊભી થઈ છે, જેઓએ મોટી મૂડી વગર શરૂઆત કરી હતી. તેવી જ રીતે સહકાર ટેક્સીમાં મહત્તમ શેર મૂડી માત્ર ₹500 છે, જે સારથીને સાચી માલિકી આપે છે અને તેમની મહેનત, સ્વાભિમાન અને આર્થિક સ્વતંત્રતાનો આધાર બને છે. કુલ નફામાંથી 80 ટકા નફો સીધો સારથીઓને મળશે અને માત્ર 20 ટકા સંસ્થામાં જ રહેશે, જેનો માલિક પણ સારથીઓ જ રહેશે.

ગ્રાહક દ્વારા ચૂકવાયેલ ભાડું સીધું અને તરત જ સારથીના ખાતામાં જમા થશે અને કોઈપણ પ્રકારનું કમિશન કાપવામાં આવશે નહીં. ફરિયાદ નિવારણ માટે




ત્રિસ્તરીય વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. તેમણે જણાવ્યું કે આ મોડલ જીવન, આત્મવિશ્વાસ અને આર્થિક સ્થિતિમાં મૂળભૂત પરિવર્તન લાવશે. જેમ માત્ર 11 દૂધ ઉત્પાદકોએ શરૂઆત કરીને 'અમૂલ' જેવી વૈશ્વિક સહકારી સંસ્થા ઊભી કરી, તેમ નાની શરૂઆતથી પણ મોટા પરિણામો મળી શકે છે.

**'ભારત ટેક્સી'ના ચાર મુખ્ય સિદ્ધાંતો છે :**

■ માલિકી ■ સુરક્ષા કવર ■ ગૌરવ ■ ન્યાયપૂર્ણ લાભ વિતરણ

'સારથી દીદી' યોજના હેઠળ મહિલા મુસાફરોને મહિલા સારથી દ્વારા સુરક્ષિત અને સસ્તી સેવા આપવામાં આવશે.

'ભારત ટેક્સી'એ દિલ્હી ટ્રાફિક પોલીસ, દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશન, એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, IFFCO ટોકિયો ઈન્શ્યોરન્સ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સહિત 9 મુખ્ય સંસ્થાઓ સાથે સમજૂતી કરાર કર્યા છે.

સારથીઓને ઇ-શ્રમ પોર્ટલ દ્વારા નોંધણી પછી ₹5 લાખ સુધીની મફત સારવાર, અકસ્માત વીમા, સસ્તી લોન, સબસિડી તથા ગિગ વર્કર્સ માટેની વિવિધ સરકારી યોજનાઓનો લાભ મળશે.

IGI એરપોર્ટથી વિજ્ઞાન ભવન સુધી 100 કારોની ભવ્ય રેલી દ્વારા લોન્ચિંગને ઐતિહાસિક બનાવાયું.

શ્રી અમિત શાહે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આગામી ત્રણ વર્ષમાં 'ભારત ટેક્સી' સમગ્ર દેશમાં વિસ્તરશે અને સારથીઓના આર્થિક સશક્તિકરણનું શક્તિશાળી સાધન બનશે.

## યુએનનો ઐતિહાસિક નિર્ણય: દર દસ વર્ષે 'આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ' ઉજવાશે

ન્યૂયોર્ક / નવી દિલ્હી I સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ સહકારી સંસ્થાઓની સર્વસમાવેશક આર્થિક અને સામાજિક વિકાસમાં અગત્યની તથા પરિવર્તનકારી ભૂમિકા ઔપચારિક રીતે માન્ય રાખતો એક ઐતિહાસિક ઠરાવ સ્વીકાર્યો છે. આ ઠરાવ અનુસાર હવે દર દસ વર્ષે 'આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ (International Year of Cooperatives)' જાહેર કરવામાં આવશે.

A/RES/80/182 નંબરનો આ ઠરાવ "Cooperatives in Social Development" શીર્ષક હેઠળ 15 ડિસેમ્બર 2025ના રોજ સ્વીકારવામાં આવ્યો હતો અને તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્રના સત્તાવાર દસ્તાવેજી પ્લેટફોર્મ પર પ્રકાશિત થયો છે. આ નિર્ણય એવા સમયગાળામાં લેવાયો છે જ્યારે વિશ્વ અર્થતંત્ર અસમાનતા, આબોહવા પરિવર્તન અને સામાજિક વિખંડન જેવા ગંભીર પડકારોનો સામનો કરી રહ્યું છે.

આ ઠરાવ 2012 અને 2025માં ઉજવાયેલા આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષોથી સર્જાયેલી વૈશ્વિક જાગૃતિ અને સકારાત્મક અસર પર આધારિત છે. મહાસભાએ નોંધ્યું છે કે, આ પહેલોએ સરકારો, સંસ્થાઓ અને

અનુસંધાન પાના નંબર : 3

### 12મો એશિયા અને પેસેફિક સહકારી મંચ

## કોલંબો ઘોષણાપત્ર એશિયા પેસિફિક માટે એક નવો સહકારી રોડમેપ નક્કી કરે છે

### કોલંબો બેઠકમાં સહકારી સંસ્થાઓએ SDGs માટે સંયુક્ત કાર્યવાહીનું વચન આપ્યું

કોલંબો : 24 થી 28 નવેમ્બર 2025 દરમિયાન શ્રીલંકાના કોલંબોમાં આયોજિત 12મા એશિયા અને પેસિફિક સહકારી મંચ અને 17મા ICA એશિયા અને પેસિફિક પ્રાદેશિક સભાએ વધુ સ્થિતિસ્થાપક, સમાવિષ્ટ અને ટકાઉ ભવિષ્યના નિર્માણમાં સહકારીની ભૂમિકાને પુનઃપુષ્ટ કરવા માટે સમગ્ર પ્રદેશના સહકારી નેતાઓ, નીતિ નિર્માતાઓ, યુવા પ્રતિનિધિઓ, સંશોધકો અને પ્રાદેશિક સંસ્થાઓને એકત્ર કર્યા હતા.

શ્રીલંકાની રાષ્ટ્રીય સહકારી પરિષદ, સહકારી વિકાસ વિભાગ અને સંલગ્ન સહકારી સંસ્થાઓ દ્વારા આયોજિત આ ફોરમમાં સહકારી ચળવળના લાંબા સમયથી ચાલતા લોકશાહી પાયા અને એશિયા-પેસિફિકમાં આર્થિક અને સામાજિક પડકારોનો સામનો કરવામાં તેની વધતી જતી સુસંગતતા પર ભાર મૂકવામાં આવ્યો. આ સભામાં સહકારી ઓળખ નિવેદનના શક્તિશાળી વારસાને યાદ કરવામાં આવ્યો અને એકતાના પાયા તરીકે સહકારી સંસ્થાઓ વચ્ચે સહકારના સિદ્ધાંત પર ભાર મૂકવામાં આવ્યો.

2025ને વૈશ્વિક સ્તરે સહકારી સંસ્થાઓના આંતરરાષ્ટ્રીય વર્ષ તરીકે ઉજવવામાં આવી રહ્યું હોવાથી,




પ્રતિનિધિઓએ ભાર મૂક્યો કે આર્થિક લોકશાહી, પર્યાવરણીય દેખરેખ અને સમુદાય-સંચાલિત વિકાસ દ્વારા 2030 સુધીમાં યુએન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સને આગળ વધારવામાં સહકારી સંસ્થાઓને મુખ્ય પાસાં તરીકે ઓળખવામાં આવે.

કોલંબો ઘોષણામાં સહકારી સિદ્ધિઓની સમીક્ષા કરવા, વ્યૂહાત્મક દિશા દર્શાવવા અને સહકારી વિકાસ માટે પ્રાદેશિક રોડમેપ બનાવવા માટે એક મુખ્ય દ્વિવાર્ષિક પ્લેટફોર્મ તરીકે એશિયા પેસિફિક સહકારી મંચના મહત્વને પુનરાવર્તિત કરવામાં આવ્યું. સભ્ય દેશોએ ICA એશિયા અને પેસિફિક વ્યૂહરચના

અનુસંધાન પાના નંબર : 3

### એપ્રિલથી જોખમ આધારિત ઈન્સ્યોરન્સ પ્રીમિયમનો નિર્ણય

## સહકારી બેન્કોએ જોખમ આધારિત ડિપોઝિટ વીમા પ્રીમિયમ ભરવું પડશે

**અમદાવાદ : પહેલી એપ્રિલથી તમામ સહકારી બેન્કોએ તેમની સામેના જોખમને આધિન રહીને ડિરેક્ટોરેટ ઓફ ઈન્સ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરન્ટી કોર્પોરેશનને ડિપોઝિટનું પ્રીમિયમ ચૂકવવું પડશે. તેને માટે બેન્કોને ચાર ગ્રેડમાં વિભાજિત કરવામાં આવશે. નવી વ્યવસ્થા હેઠળ એ ગ્રેડમાં આવતી બેન્કોએ ડિપોઝિટની સલામતી માટે સો રૂપિયે આઠ પૈસાનું પ્રીમિયમ અને ડી ગ્રેડમાં આવતી સહકારી બેન્કોએ સો રૂપિયે 12 પૈસા પ્રીમિયમ ચૂકવવું પડશે. પરિણામે સારું પરફોર્મન્સ આપતી બેન્કોનું પરફોર્મન્સ સારું રહેશે, તેમ જ તેમને ડિપોઝિટ વીમા પેટે ઓછું પ્રીમિયમ ચૂકવવું પડશે.**

ડિપોઝિટ ઈન્સ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરંટી કાર્પોરેશને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા મંજૂરી સાથે 1 એપ્રિલ, 2026થી ડિપોઝિટ ઈન્સ્યોરન્સ માટે જોખમ આધારિત પ્રીમિયમના ફ્રેમવર્કને લાગુ કરવાની જાહેરાત કરી છે. સહકારી ક્ષેત્રના જાણકારોનું કહેવું છે કે હાલમાં તમામ ઈન્સ્યોર્ડ બેન્કો રૂ. 100નાં ડિપોઝિટ પર સમાન રીતે 12 પૈસા પ્રીમિયમ ભરે છે. ભલે બેંકની નાણાંકીય સ્થિતિ અત્યંત સંગીન હોય કે પછી અત્યંત નબળી હોય. દરેકને એક જ સમાન પ્રીમિયમ ભરવું પડી રહ્યું છે. નવી વ્યવસ્થા હેઠળ નફાકારકતા અને બેન્ક નિષ્ફળ જાય તો ડિપોઝિટ ઈન્સ્યોરન્સ ફંડને થનાર સંભવિત નુકસાન જેવી નાણાકીય બાબતોને ગણતરીમાં લઈને નિર્ણય લેવામાં આવશે, તેની સાથે જ કોર્પોરેટ ગવર્નન્સ, જેમ કે ફરજિયાત મેનેજમેન્ટ સ્ટાફ અને પ્રોફેશનલ ડિરેક્ટરોની હાજરી પણ ધ્યાનમાં લેવામાં આવશે.

ઓછી ઈન્શ્યોરન્સ પ્રીમિયમના માધ્યમથી પ્રોત્સાહન આપશે.

આ મૂલ્યાંકનને આધારે બેન્કોને જોખમ મુજબ એ, બી, સી અને ડી એમ ચાર કેટેગરીમાં વહેંચવામાં આવશે, જેમાં જે સૌથી ઓછી જોખમવાળી હશે તે પ્રમાણે પ્રીમિયમ લેવાશે, ઓછા જોખમ વાળી બેન્કોના પ્રીમિયમ દર રૂ.100 પર 8 પૈસાથી લેવાશે. જ્યારે વધુ જોખમ ધરાવતી બેન્કો પાસે સો રુપિયા પર 12 પૈસા સુધી વીમા સુરક્ષા કવચનું પ્રીમિયમ લેવાશે. એ કેટેગરીમાં આવતી બેન્કો ઓછું પ્રીમિયમ ભરશે, જ્યારે કેટેગરી ડી બેંકો હાલના 12 પૈસાના દરે જ રહેશે. તેની સાથે જ લાંબા સમયથી સારી રીતે સંચાલિત બેન્કોને પ્રોત્સાહન આપવા માટે વિન્ટેજ ઈન્સેન્ટિવ પણ આપવામાં આવશે. નાના શહેરોની એટલે કે ટીયર-2 બેન્કોમાં જે સંસ્થાઓએ 25 વર્ષ સુધી કોઈ પુનર્રચના કે ગંભીર સંકટ વિના કામગીરી કરી હશે, તેમને 25 ટકા પ્રોત્સાહન મળશે.

### બેન્કોને જોખમ મુજબ ચાર કેટેગરીમાં વહેંચવામાં આવશે : જોખમના રેટિંગ અને પ્રીમિયમ કેટેગરીની માહિતી ગુપ્ત રહેશે

**ડિરેક્ટોરેટ ઓફ ઈન્સ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરન્ટી કોર્પોરેશન, ડીઆઈસીજીસીએ સ્પષ્ટ કર્યું છે કે જોખમના રેટિંગ અને પ્રીમિયમ કેટેગરીની માહિતી ગુપ્ત રહેશે અને તેનો ઉપયોગ કોઈ પણ પ્રકારના બિઝનેસ પ્રમોશન માટે કરી શકાશે નહીં. આ બાબત થાપણદારોના હિતની વિરુદ્ધ છે. થાપણદારોને ખબર જ પડતી નથી કે તેઓ જે બેન્કમાં પૈસા જમા કરાવી રહ્યા છે તે બેન્ક નાણાંકીય રીતે સદ્ધર છે કે અદ્ધર. તેથી ઘણીવાર થાપણ જમા કરાવ્યાના થોડા દિવસોમાં કે મહિનાઓમાં બેન્ક કાચી પડી જતી હોવાના કિસ્સાઓ બને છે.**

**એ ગ્રેડમાં આવતી બેન્કે 100 રૂપિયા પર 8 પૈસા અને ડી ગ્રેડમાં આવતી બેન્કે 12 પૈસા પ્રીમિયમ ચૂકવવું પડશે**

આ સમાન દરની પદ્ધતિ બંધ થશે અને હવે પ્રીમિયમ બેંકના જોખમ સ્તર અને કામગીરીના ઈતિહાસના આધારે નક્કી થશે. રીજનલ રૂરલ બેન્કો-પ્રાદેશિક ગ્રામીણ બેન્કો, સ્ટેટ કો-ઑપરેટિવ બેન્કો, ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેન્કો અને અર્બન કો-ઓપરેટિવ બેન્કો માટે ડીઆઈસીસીજીસી બીજી કેટેગરીમાં આવતા વિસ્તારોની બેન્કો માટેના જોખમ આધારિત આકારણીના મોડેલનો આશરો લઈને પ્રીમિયમ નક્કી કરશે.

આ મોડેલ હેઠળ બેંકોનું મૂલ્યાંકન કેપિટલ ડિકવેસી રેશિયો, એસેટ, ક્વોલિટી-ગુણવત્તા, લિક્વિડિટી

જો કે બેન્કોને દેખરેખ હેઠળ રાખીને તેમની સામે પગલાં લેવા માટેના માળખા-સુપરવાઈઝરી એક્શન ફ્રેમવર્ક અથવા તો પ્રોમ્પ્ટ કરેક્ટીવ એક્શન તત્કાળ સ્થિતિ સુધારવા માટે પગલાં લેવાની જોગવાઈ હેઠળ આવેલી અર્બન કો-ઓપરેટિવ બેંકો હાલના 12 પૈસાના દરે જ પ્રીમિયમ ભરતી રહેશે. આ બેન્કો તેમાંથી બહાર આવે તે પછીના નાણાકીય વર્ષમાં જ પાત્ર બનશે. આ નવી વ્યવસ્થાની બેન્કોથી સ્થિતિની સમીક્ષા ઓછામાં ઓછા ત્રણ વર્ષે કરવામાં આવશે. આ પગલું મજબૂત રિસ્ક મેનેજમેન્ટ, નાણાકીય શિસ્ત અને સારી રીતે સંચાલિત સહકારી બેન્કોને

## વિકસિત ભારત માટે દેશને એક મજબૂત બેન્કની જરૂર : નાણાંપ્રધાનશ્રી સિતારમન

### વિકસિત ભારતના લક્ષ્યને ધ્યાનમાં રાખીને બેન્કિંગ સિસ્ટમને મજબૂત અને સક્ષમ બનાવવા માટે એક વ્યાપક રોડમેપ તૈયાર કરવા સમિતિ રચાશે

નવી દિલ્હી : કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં જ બેન્કિંગ સેક્ટર પર એક ઉચ્ચ સ્તરની -સમિતિની રચના કરશે. નાણાપ્રધાનશ્રી નિર્મલા સિતારમને જણાવ્યું હતું કે આ સમિતિ વિકસિત ભારતના લક્ષ્યને ધ્યાનમાં રાખીને બેન્કિંગ સિસ્ટમને મજબૂત અને સક્ષમ બનાવવા માટે એક વ્યાપક રોડમેપ તૈયાર કરશે, કે જેથી ભવિષ્યમાં મોટી આર્થિક જરૂરિયાતોને પૂર્ણ કરી શકાય. એક મુલાકાતમાં નાણાપ્રધાને જણાવ્યું હતું કે સરકાર ઈચ્છે છે કે આ સમિતિ અભિપ્રાય આપે કે વર્તમાન બેન્કિંગ સિસ્ટમમાં ક્યા-ક્યા



**મોટાપાયે રોકાણ, ઋણ અને મજબૂત બેન્કિંગ નેટવર્ક જરૂરી**

સુધારાની જરૂર છે, કે જેથી વિકસિત ભારત માટે જરૂરી ફંડ, ક્રેડિટ અને આર્થિક સેવાઓ સામાન્ય લોકો સુધી પહોંચી શકે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે આ પહેલને ફક્ત જાહેર ક્ષેત્રની બેન્કોના વિલય સુધી સિમિત કરીને જોવી જોઈએ નહીં.

શ્રી નિર્મલા સિતારમને જણાવ્યું હતું કે વિકસિત ભારતનું સપનું સાકાર કરવા માટે મોટાપાયે રોકાણ, ઋણ અને મજબૂત બેન્કિંગ નેટવર્ક જરૂરી છે. બેન્કિંગ સેક્ટરને તેના માટે તૈયાર કરવું પડશે કે જેથી તે દેશના વિકસતા અર્થતંત્રની જરૂરિયાતોને સંભાળી શકે.

## ભારત-યુએસ વેપાર કરારથી ડેરી ક્ષેત્ર સુરક્ષિત, નિકાસમાં થશે મોટો ફાયદો: શ્રી જયેન મહેતા

નવી દિલ્હી : ભારત અને અમેરિકા વચ્ચેના તાજેતરના વેપાર કરારને પગલે પશુ આહારની આયાત વધવાની ચર્ચાઓ વચ્ચે, અમૂલ (GCMMF) ના મેનેજિંગ ડિરેક્ટરશ્રી જયેન મહેતાએ આશ્વાસન આપ્યું છે કે, આનાથી ભારતના ડેરી ક્ષેત્રને કોઈ નુકસાન નહીં થાય. મીડિયા અહેવાલો અનુસાર, તેમણે આ કરારને ભારતીય ખેડૂતો માટે એક મોટી જીત ગણાવી છે. શ્રી જયેન મહેતાએ જણાવ્યું હતું કે, આ સમજૂતીમાં સ્થાનિક ડેરી અને કૃષિ હિતોનું સંપૂર્ણ રક્ષણ કરવામાં આવ્યું છે અને સાથે જ નિકાસની સ્પર્ધાત્મકતામાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

આ કરારની સૌથી મોટી સફળતા એ છે કે અમેરિકામાં ભારતીય ડેરી ઉત્પાદનોની નિકાસ પરનો ટેરિફ (કર) 50 ટકાથી ઘટાડીને માત્ર 18 ટકા કરી દેવામાં આવ્યો છે. આ ઘટાડાથી ભારતીય ડેરી અને કૃષિ ક્ષેત્રની નિકાસને જબરદસ્ત પ્રોત્સાહન મળશે.

# મહીસાગર જિલ્લા સહકારી સંઘ, લુણાવાડા દ્વારા યુવક સહકારી શિક્ષણ વર્ગ યોજાયો

લુણાવાડા : ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ અને મહીસાગર જિલ્લા સહકારી સંઘ, લુણાવાડાના સંયુક્ત ઉપક્રમે તા.-05/01/26 થી તા.-10/01/26 દરમ્યાન શ્રી પી.એન. પંડ્યા આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ,લુણાવાડા, તા-લુણાવાડા, જિ-મહીસાગર ખાતે યુવક સહકારી શિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામના ઉદઘાટન અને પૂર્ણાહૂતિ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલશ્રી પ્રો.એ. બી. પંડ્યાએ જણાવ્યું હતું કે, સહકારી માળખું એ આખા વિશ્વમાં ફેલાયેલું છે. દરેક નાગરિકને પોતાનો વિકાસ કરવા બીજા માણસોની જરૂરિયાત ઊભી રહેતી હોય છે. સહકારી સંઘો થકી શાળાઓ અને મહાશાળાઓમાં આવા પ્રોગ્રામો યોજી વિદ્યાર્થીઓને સહકારની જાણકારી અપાય છે. જે ખૂબ આવકાર્ય છે. કોલેજના આર્ટસ વિભાગના પ્રિન્સિપાલશ્રી પ્રો.ડૉ.જસવંતસિંહ ચૌધરીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

આ પ્રસંગે મહીસાગર જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી અરવિંદભાઈ એસ.ચૌહાણે જણાવ્યું હતું કે ગુજરાત રાજ્ય સહકારી સંઘ,અમદાવાદ અમોને કામગીરીના લક્ષાંકો આપે છે, તે લક્ષાંકો અમે પૂરેપુરા પૂર્ણ કરીએ છીએ. વધુમાં જણાવ્યું હતું કે આજના જમાનામાં હિસાબો લખવાની જાણકારી મેળવીને હિસાબી પત્રકો તૈયાર કરવામાં આવે તો ઘેર બેઠા રોજગારી મેળવી શકાય તેમ છે.

આ પ્રસંગે ડૉ.શંકરભાઈ પટેલે જણાવ્યું હતું કે સહકાર વિષય એ વિશાળ ફલક ઉપર ફેલાએલો છે, અને ભવિષ્યમાં જો નોકરી ના મળે તો ઘેરબેઠા રોજગારી મેળવવાના તેમાં ઘણા વિકલ્પો રહેલા છે. આ પ્રોગ્રામને સફળ બનાવવા ડૉ.ગીતાબેન પંચાલ, ડૉ.એલીસાબેન, ડૉ.ભાવિકાબેન, શ્રી અક્ષયભાઈ પટેલ તથા અભ્યાસ પ્રવાસ દરમ્યાન પંચમહાલ ડેરીના લુણાવાડાના ચોપડા ચિલિંગ સેન્ટરના સ્ટાફે ચિલિંગ સેન્ટરના પ્લાન્ટ બતાવીને તેની કામગીરીની સુંદર માહિતી આપી હતી.

આ યુવક વર્ગમાં શ્રી મોતીભાઈ એસ.પગીએ શરૂઆતના દિવસથી છ દિવસ દરમ્યાન યુવક સહકારી શિક્ષણ વર્ગના સમય પત્રક મુજબ મોટા ભાગના વિષયોને આવરી લઈ માહિતી આપી હતી અને દરેક પંચાયતોમાં નવી પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ અને પ્રાકૃતિક ખેતી સહકારી મંડળીઓની નવીન રચના માટેની માહિતી પણ આપી હતી.

આ પ્રોગ્રામના પૂર્ણાહૂતિ પ્રસંગે કોલેજના વિદ્યાર્થીઓએ આવા પ્રોગ્રામો ભવિષ્યમાં યોજાય તેવું જણાવ્યું હતું. આ પ્રોગ્રામમાં મોટી સંખ્યામાં યુવક યુવતીઓ જોડાયા હતા. આ પ્રોગ્રામનું સફળ સંચાલન શ્રી મોતીભાઈ એસ.પગીએ કર્યું હતું.

# વડોદરા જિલ્લા સહકારી સંઘ દ્વારા સહકારી નવચેતન મંત્રી-મેનેજર તાલીમ વર્ગ યોજાયો

ડભોઈ : ગુજરાત રાજ્ય સહકારી સંઘ અમદાવાદની સહકારી શિક્ષણ-તાલીમ વર્ગની યોજના મુજબ વડોદરા જિલ્લા સહકારી સંઘ દ્વારા ડભોઈ તાલુકાની સહકારી દૂધ સેવા મંડળીઓના કર્મચારીઓ માટે સહકારી નવચેતન મંત્રી-મેનેજર તાલીમ વર્ગ તારીખ 01-01-2026 થી તારીખ 14-01-2026 સુધીના રોજ ખેતીવાડી બજાર સમિતિ, બસ સ્ટેન્ડ રોડ, ડભોઈ ઓફિસ હોલમાં યોજાયેલ હતો.

સદર તાલીમ વર્ગમાં બરોડા સેન્ટ્રલ કો-ઓપ. બેંકના અધિકારીશ્રીએ બેંક સિલક મેળવણીથી પત્રકની જાણકારી આપી હતી. ડભોઈ તાલુકા રિટાયર્ડ ઓડિટર શ્રી રહિમભાઈ પત્તાસાવાળા એ ઓડિટનું મહત્વ, ઓડિટના પ્રકાર અને મંડળીઓએ રાખવાના ચોપડાઓની જાણકારી આપી હતી. શ્રી સિરિષભાઈ પટેલ, સી.ઈ.આઈ. વડોદરા જિલ્લા સહકારી સંઘે રોજમેળ અને હિસાબી પત્રકોની જાણકારી આપી હતી.

સદર વર્ગના પૂર્ણાહુતિ દિને જિલ્લા સંઘના પ્રમુખશ્રી પ્રવિણભાઈ પટેલે પ્રમુખ સ્થાનેથી જણાવ્યું હતું કે, સહકારી મંડળીઓના કર્મચારીઓને સહકારી મંડળીની પ્રવૃત્તિઓ, મંત્રીશ્રીના કાર્યો, ફરજો, સહકારી મંડળીના કાર્યક્ષેત્ર, સહકારી સંઘની કામગીરી વિશે જાણકારી આપી હતી. તેમજ હાજર તાલીમાર્થીઓમાં શ્રી અમિતાબેન અને શ્રી વિષ્ણુભાઈએ પોતાના અભિપ્રાયમાં સદર તાલીમ વર્ગથી સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

આ સમગ્ર પ્રોગ્રામનું સંઘના મહિલા સી.ઈ.આઈ. શ્રી રેશ્માબેન ડી. પટેલે સંચાલન કરી ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# તારાપુર તાલુકાની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ માટે સહકારી મંત્રી મેનેજર તાલીમ વર્ગ

તારાપુર: ગુજરાત રાજ્ય સહકારી સંઘની સહકારી શિક્ષણ અને તાલીમ યોજનાના ભાગરૂપે આણંદ જિલ્લા સહકારી સંઘ દ્વારા તારાપુર તાલુકાની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના સેક્રેટરીઓ માટેનો સહકારી મંત્રી-મેનેજર તાલીમ વર્ગ આણંદ જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષશ્રી રજનીકાંત પટેલના પ્રમુખપણા હેઠળ યોજાયો.

કાર્યક્રમને પ્રાર્થના અને દીપ પ્રાગટ્યથી ખૂલ્લો મૂકતાં આણંદ જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી કાર્તિકભાઈ પટેલે દૂધ મંડળીમાં વહીવટી કામ-કાજમાં કેવા-કેવા પ્રકારના પ્રશ્નો ઊભા થાય અને તેના નિરાકરણ વિશે વિસ્તૃતમાં માહિતી આપતાં મંડળીના પેટા-નિયમો (બાયલોઝ)નો અભ્યાસ કરી તેમાં સુધારા-વધારા કેવી રીતે કરવાં, મંડળીમાં નવા સભાસદ બનાવવા માટેની પ્રક્રિયા વિશે મંડળીમાં - વહીવટી કામકાજમાં કઈ-કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ. તે વિશેની સમજ, ઓડિટ તેની દુરસ્તી વિશે વિસ્તૃતમાં જાણકારી આપતાં આવા જિલ્લા સહકારી સંઘ દ્વારા ચાલતાં વિવિધ પ્રકારના તાલીમ વર્ગોમાં ભાગ લેવા અનુરોધ કરેલ.





સદર કાર્યક્રમમાં તારાપુર એપીએમસીનાં સેક્રટરી શ્રી નરેન્દ્રસિંહ ગોહિલે એપીએમસી વિશે જણાવતાં દૂધ મંડળીઓના સેક્રેટરીશ્રીઓને મંડળીનો વહીવટ પારદર્શક કરવા અનુરોધ કરેલ. સાથો-સાથ દૂધનો વ્યવસાય અને ખેતી વ્યવસાય એક બીજાની સાથે સંકળાયેલ હોવાથી એપીએમસીની કામગીરી વિશે માહીતી આપી હતી.

સદર તાલીમ વર્ગનું સંચાલન સી.ઈ.આઈ. શ્રી કિશોરભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું. જ્યારે કાર્યક્રમની રૂપરેખા મહિલા સી.ઈ.આઈ. શ્રી પિન્ટુબેન પટેલ દ્વારા આપવામાં આવી. સદર તાલીમ વર્ગમાં તારાપુર તાલુકાની 35 જેટલી દૂધ મંડળીઓના સેક્રેટરીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ છે.

# જાપાને પ્લાસ્ટિક બેગનો વિકલ્પ શોધ્યો: બટેટામાંથી બનાવી થેલી

જાપાને હવે એક એવી કરિયાણા બેગ વિકસાવી છે જે દેખાવમાં અને ઉપયોગ કરવામાં બિલકુલ પ્લાસ્ટીક જેવી મજબૂત છે, પણ ખરેખર તો તે બટેટાના સ્ટાર્ચમાંથી બની છે. આ બેગની ખાસીયત એ છે કે તે પ્લાસ્ટીકની જેમ કચરાના ઢગલામાં પડી નથી રહેતી. બલકે પાણીના સંપર્કમાં આવતા ઓગળી જાય છે. પારંપરિક પ્લાસ્ટીક બેગ સમુદ્રમાં સદીઓ સુધી તરતી રહે છે,




જેને હંમેશા કાચબાઓ અને માછલીઓ ખોરાક સમજીને ગળી જાય છે અને તેમના મોત થાય છે. આ સામગ્રી એટલી ખાસ છે કે ઠંડા પાણીમાં પણ તૂટી જાય છે– ઓગળી જાય છે. જો કોઈ સમુદ્રી જીવ તેને ભુલથી ખાઈ પણ જાય તો તેના શરીરમાં કોઈ જાતનું નુકસાન કર્યા વિના ભળી જાય છે. આ બેગ પાણીમાં ભળી ગયા બાદ પાણીમાં ઝેરેલું કેમીકલ કે માઈક્રો પ્લાસ્ટીક નથી છોડતું.

# વોરા કોટડાના ખેડૂતની એપલ બોર ખેતી બની સફળતાની સીડી

ગોંડલ : ખેડૂતો નવીન ખેતી તરફ વળે તો આવક કેવી રીતે વધી શકે તેનું ઉત્તમ ઉદાહરણ ગોંડલ તાલુકાના વોરા કોટડા ગામમાં જોવા મળી રહ્યું છે. વોરા કોટડા ગામના ખેડૂત કાંતિભાઈ છગનભાઈ સખિયાએ પરંપરાગત ખેતીથી અલગ જઈને 10 વીઘા જમીનમાંથી માત્ર 3 વીઘામાં એપલ બોરની ખેતી કરી છે. આ નવીન પ્રયાસથી ખેડૂતને વર્ષે ત્રણથી ચાર લાખ રૂપિયાની આવક થઈ રહી છે. આ એપલ બોરની ખાસિયત તેની મીઠાશ છે. જેનાં કારણે ગોંડલથી લઈને સુરત સુધીથી ઓર્ડરો આવી રહ્યા છે. સૌથી મોટી વાત એ છે કે, ખેડૂતને પોતાનું



ઉત્પાદન માર્કેટિંગ યાર્ડમાં વેચવા જવું પણ પડતું નથી. ગ્રાહકો અને વેપારીઓ સીધા ખેડૂતની વાડીએ આવીને એપલ બોર ખરીદી જાય છે. વાડીએથી જ લઈ જવામાં આવે તો એપલ બોરનો ભાવ 80 રૂપિયા પ્રતિ કિલો મળી રહ્યો છે. જે ખેડૂત માટે ખૂબ જ લાભદાયક સાબિત થયો છે વોરા કોટડા ગામના આ ખેડૂતની સફળતા અન્ય ખેડૂત માટે પ્રેરણારૂપ બની છે. નવીન ખેતી અપનાવીએ તો ખેતી પણ સમૃદ્ધિનો માર્ગ બની શકે છે.

International Year of Cooperatives 2025
Cooperatieds Build a Better World

ગુજરાત રાજ્ય સહકારી સંઘ
(Accredited by NABARD, C-PEC (BIRD), Lucknow as Centre for Professional Excellence in Cooperatives
"સહયોગ" (તિલક) રિલીફ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન : (૦૭૯) ૨૫૩૫૨૨૨૦ / ૧૫૪૪
E-mail : gscu@rediffmail.com • E-mail : info@gujaratscu.com
Website : www.gujaratscu.com

# ડિપ્લોમા ઈન કો-ઓપ. મેનેજમેન્ટ બેઝિક કોર્સ

જા.નં.ઈ./2058 /2026-27 તા. 03/02/2026

## ડિપ્લોમા ઈન કો-ઓપ. મેનેજમેન્ટ બેઝિક કોર્સ

સત્રાંત પરીક્ષાનો કાર્યક્રમ

કેન્દ્ર : કામરેજ ચાર રસ્તા (જિ. સુરત), નડિયાદ (જિ. ખેડા), મહેસાણા, નારી (જિ. ભાવનગર), રાજકોટ અને અમદાવાદ.

સત્રાંત લેખિત પરીક્ષા : તા. 07/03/2026 થી તા. 12/03/2026

મૌખિક પરીક્ષા : તા. 13/03/2026

| અ. નં | તારીખ | વાર | વિષય | સમય | ગુણ |
|---|---|---|---|---|---|
| [1] | 07/03/2026 | શનિવાર | સહકાર | 11.00 થી 14.00 | 80 |
| [2] | 07/03/2026 | શનિવાર | ધંધાકીય વિકાસ આયોજન (બી.ડી.પી.) | 15.30 થી 17.00 | 40 |
| [3] | 09/03/2026 | સોમવાર | નાણાકીય હિસાબો અને ઓડિટ | 11.00 થી 14.00 | 80 |
| [4] | 09/03/2026 | સોમવાર | કોમ્પ્યુટર – સંચાલકીય પાસાઓ | 15.30 થી 17.00 | 40 |
| [5] | 10/03/2026 | મંગળવાર | સહકારી સંચાલન-વ્યવસ્થાપન | 11.00 થી 14.00 | 80 |
| [6] | 11/03/2026 | બુધવાર | સહકારી મંડળીઓના કાયદાકીય પાસાઓ | 11.00 થી 14.00 | 80 |
| [9] | 12/03/2026 | ગુરુવાર | સહકારી ધિરાણ અને બેન્કિંગ | 11.00 થી 14.00 | 80 |
| [8] | 13/03/2026 | શુક્રવાર | મૌખિક પરીક્ષા | 11.00 થી == | 50 |

નોંધઃ- તા.14/03/2026ના રોજ બીજા શનિવારની અને તા.15/03/2026ના રોજ રવિવારની રજા આવતી હોવાથી તા.13/03/2026 ને શુક્રવારના રોજ મૌખિક પરીક્ષા બાદ કેન્દ્રમાંથી તાલીમાર્થીઓને છૂટા કરવા.

(ડૉ.રાજેન્દ્ર સી. ત્રિવેદી)
એક્ઝિક્યુટિવ ઓફિસર

**ટેક્ષટાઈલ પોલિસીની કેટલીક જોગવાઈમાં ફેરફાર**

# મહિલા સ્વસહાય જૂથોને પણ હવે ટેક્ષટાઈલ પોલિસી હેઠળ લાભ

અમદાવાદ : ગુજરાતમાં મ્યુનિસિપલ એરિયાની હદમાં આવતા હોય તેવા ગારમેન્ટ, એપેરલ અને મેડઅપ્સ, સ્ટીચિંગ, એમ્બ્રોઈડરી તથા અન્ય એક્ટિવિટી સાથે સંકળાયેલા નોન પોલ્યુટીંગ ટેક્ષટાઈલ મેન્યુફેક્ચરીંગ એક્ટિવિટીવાળા એકમોને પણ ટેક્ષટાઈલ પોલિસી-2024નો લાભ આપવાનો સરકાર દ્વારા નિર્ણય લેવાયો છે.

મહિલા સશક્તિકરણના આ અભિગમને વધુ વ્યાપક બનાવવા માટે ટેક્ષટાઈલ પોલિસીની કેટલીક જોગવાઈઓમાં મહત્વપૂર્ણ સુધારા કરવાના દિશા નિર્દેશો આપવામાં આવ્યા છે. આ નિર્ણયથી મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની હદમાં આવેલા નોન પોલ્યુટિંગ ટેક્ષટાઈલ એકમોને યોજનાનો બહોળો લાભ મળશે. એટલું જ નહિ,શહેરી વિસ્તારમાં રોજગાર સર્જનને પ્રોત્સાહન મળશે તથા કુશળ-અર્ધકુશળ કામદારો માટે સ્થાનિક સ્તરે રોજગારની તકો વધશે તેમ સરકારે એક યાદીમાં જણાવ્યું છે.

નોન-પોલ્યુટિંગ પ્રવૃત્તિઓને શહેરી વિસ્તારમાં માન્યતા મળવાથી સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોને વિકાસ માટે પણ અનુકૂળ વાતાવરણ મળશે.

# જી-20 દેશોમાં સૌથી ઝડપી આર્થિક વૃદ્ધિ : ભારતનો જીડીપી 2026-27માં 6.4 ટકાના સ્તરે રહેશે

નવી દિલ્હી : મૂડીઝ રેટિંગ્સ ભારતના જીડીપી વૃદ્ધિ દરનો અંદાજ આગામી નાણાકીય વર્ષ માટે 6.4 ટકાનો આપ્યો છે. જે જી-20 અર્થતંત્રોમાં સૌથી ઝડપી દર બની રહેશે. મજબૂત થરેલું વપરાશ, સરકારના પોલિસી પગલાં અને સ્થિર બેન્કિંગ સિસ્ટમના કારણે આ શક્ય બનશે.

તેના બેન્કિંગ સિસ્ટમ આઉટલૂક રિપોર્ટમાં, મૂડીઝે જણાવ્યું છે કે તેઓના એસેટ ગુણવત્તા સ્થિતિસ્થાપક રહેશે, સાથે કેટલોક તણાવ માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝમાં રહેશે. આમ છતાંપણ બેંકો પુરતું અનામત ભંડોળ ધરાવે છે, જે આવા નુકસાનને સમાવી શકે છે, તેમ તેમાં જણાવાયું છે.

બેંકો માટે કો-ઓપરેટિવ વાતાવરણ 2026માં મજબૂત રહેશે, જેને મજબૂત મેક્રોઈકોનોમિક કંડિશન્સ અને માળખાકીય રિફોર્મ્સનો સપોર્ટ મળી રહેશે, તેમ જણાવ્યું છે. અમે ભારતનું રિયલ જીડીપી નાણાકીય વર્ષ 2026-27માં 6.4 ટકાના દરે વધશે તેવો અંદાજ આપીએ. છીએ. જે જી-20 અર્થતંત્રોમાં સૌથી ઝડપી ગતિ બની રહેશે, કેમ કે તેને મજબૂત ઘરેલું વપરાશ અને સરકારના પોલિસી પગલાનો સપોર્ટ મળી રહેશે.

જીએસટીના તાર્કિકરણથી અને વ્યક્તિગત આવક વેરા મર્યાદામાં અગાઉ કરવામાં આવેલા વધારાથી વપરાશકારો માટે એફોર્ડેબિલીટીમાં વધારો થશે અને વપરાશ આધારિત વૃદ્ધિદરને સપોર્ટ મળી રહેશે, તેમ મૂડીઝે જણાવ્યું છે. એફવાય-27માં જીડીપી વૃદ્ધિ દરનો અંદાજ 6.8થી 7.2 ટકાની રેન્જમાં રહેવાનો અંદાજ નાણા મંત્રાલયના આર્થિક સરવેમાં આપવામાં આવ્યો હતો તેના કરતા આ અંદાજ ઓછો છે.સત્તાવાર અંદાજ મુજબ, ભારત વર્તમાન નાણાકીય વર્ષ 2025-26માં 7.4 ટકાની ગતિએ વધશે, જે 2024- 25માં નોંધાયેલા 6.5 ટકાના વૃદ્ધિ દર કરતા ઊંચો રહેશે. મૂડીઝે જણાવ્યું છે કે ફુગાવો અંકુશમાં હોવાથી અને વૃદ્ધિ દર મોમેન્ટમ મજબૂત રહ્યું હોવાથી, તેને અપેક્ષા છે કે આરબીઆઈ નાણાકીય વર્ષ 2026-27માં નાણાકીય નીતિને વધુ સરળ તો જ બનાવશે, જો તેને આર્થિક પ્રવૃત્તિ ઘટતી જણાશે.

# 'સુંદરા' ભેંસે 29 લિટર દૂધ આપી પ્રથમ સ્થાન મેળવ્યું, ઈનામમાં 'બૂલેટ' મળ્યું

અંબાલા : હરિયાણાના અંબાલાના સાહા ગામના પશુપાલક રવીન્દ્ર સિંહ ઉર્ફે બિલૂની મુર્રા નસલની ભેંસ 'સુંદરા' એ કુરુક્ષેત્રના પશુ મેળામાં દૂધ ઉત્પાદનનો નવો વિક્રમ સ્થાપ્યો છે. સુંદરાએ એક દિવસમાં 29.650 કિલો દૂધ આપી પ્રથમ સ્થાન મેળવ્યું, જેના બદલ માલિકને ઈનામમાં બુલેટ મોટરસાયકલ મળી છે. આ અગાઉ ડિસેમ્બર 2025માં પણ આ ભેંસે ટ્રેક્ટર અને 2 લાખ રોકડ પુરસ્કાર જીત્યા હતા.

અંદાજે રૂપિયા 51.30 લાખમાં ખરીદાયેલી સુંદરા વિશ્વની સૌથી મોંઘી ભેંસમાંની એક ગણાય છે. રવીન્દ્ર સિંહે પશુપાલનને આધુનિક વ્યવસાય બનાવી નવી પેઢીને વિદેશ જવાને બદલે પશુપાલનના ક્ષેત્રમાં મહેનત કરી સફળ થવાની પ્રેરણા આપી છે.

**મોટી સહકારી બેન્કો... પાના નં. 4નું અનુસંધાન**

કો-ઓપરેટિવ્સના સિદ્ધાંતને વધુ મજબૂતી સાથે અમલમાં મૂકવાની દિશામાં વધુ એક પગલું લેવામાં આવ્યું છે, તેનાથી સહકારી સંસ્થાઓની આર્થિક સંગીનતામાં વધારો થશે.

તદુપરાંત સહકારી સંસ્થાઓના સભાસદો દ્વારા આપવામાં આવતા તેલીબિયાં, ફળ, શાકભાજી અને દૂધ થકી થતી આવકને બિનવેરાપાત્ર ગણવાની પ્રથાને આગળ ધપાવીને કપાસિયા અને પશુઆહારના સભાસદો તરફથી આવતા સપ્લાયના વેચાણ થકી કરવામાં આવતી આવકની રકમ તેમના સભાસદોને આપી દે તો તેને વેરાપાત્ર ન ગણવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કપાસિયા અને પશુઆહારનો સપ્લાય તેના સભાસદના માધ્મયથી જ આવેલો હોવો ફરજિયાત છે. આ સપ્લાય મોટી સહકારી સંસ્થાઓ, અને લાભ મેળવવાને પાત્ર ગણાતી અન્ય સંસ્થાઓને આપવામાં આવેલો હશે તો જ તેને વેરા માફીનો લાભ મળશે. આ સાથે જ સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલી અન્ય કૃષિ પ્રવૃત્તિને વેગ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

અત્યાર સુધી આ છૂટ માત્ર એવા સહકારી સંગઠનોને મળતી હતી જે પોતાના સભ્યોએ પકવેલા તેલીબિયાં, ફળો, શાકભાજી કે પછી દૂધનો સપ્લાય પર વેરા રાહત આપવામાં આવતી હતી તેનું ફલક વિસ્તારીને પશુઆહાર અને કપાસના બીજનું પુરવઠો આપતી પ્રાથમિક સહકારી મંડળીઓને પણ આ જોગવાઈ હેઠળ વેરાની રાહત આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આમ બજેટમાં મૂકવામાં આવેલા પ્રસ્તાવો હેઠળ સરકારે પ્રાથમિક સહકારી સંસ્થાઓને મળતી આવકવેરા છૂટને આગળ ધપાવવામાં આવી છે.

અન્ય એક મહત્વપૂર્ણ જાહેરાત કરીને સૂચિત રાષ્ટ્રીય સહકારી ફેડરેશનને 31 જાન્યુઆરી, 2026 સુધી કંપનીઓમાં કરેલા રોકાણ પરથી મળતી ડિવિડન્ડ આવક પર ત્રણ વર્ષ માટે કર મુક્તિ આપવામાં આવી છે. આ મુક્તિ માત્ર એટલી જ રકમ સુધી લાગુ પડશે જેટલી ડિવિડેન્ડ આવક આગળ સભ્ય સહકારી સંસ્થાઓમાં વહેંચવામાં આવશે. પરિણામે આ લાભ વ્યાપક સહકારી નેટવર્ક સુધી પહોંચી શકશે. આમ બજેટ 2026ના આ પ્રસ્તાવો કરવેરાનો ભાર ઘટાડીને, સભ્યકેન્દ્રિત આવક વિતરણને પ્રોત્સાહન આપી અને ગ્રામીણ વિકાસ તથા સર્વસમાવેશી વૃદ્ધિના મુખ્ય ચાલક તરીકે સહકારી ક્ષેત્રને મજબૂત બનાવવાની સરકારની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે.

**માર્કેટ યાર્ડમાં ગોડાઉન, દુકાનો અને અન્ય સુવિધા માટે રકમ વપરાશે**

# રાજ્યની એપીએમસીને બાંધકામ માટે હવે 5 કરોડને બદલે 10 કરોડ ફાળવાશે

ગાંધીનગર : રાજ્યના માર્કેટીંગ યાર્ડને વધુ સુવિધાયુકત અને આધુનિક બનાવવા માટે રાજ્ય સરકારના કૃષિ- સહકાર મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી અને ગુજરાત નિયંત્રણ બજાર સંઘના હોદ્દેદારો વચ્ચે એક બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિને અત્યાર સુધી રૂ. 5 કરોડની મળતી સહાયને રૂ. 10 કરોડની કરવામાં આવી હોવાનું મંત્રી શ્રી વાઘાણીએ કહ્યું હતું. તેમણે માર્કેટીંગ યાર્ડના કર્મચારીઓને સરકાર પગાર ચુકવે તેવી ખાતરી પણ આપી હતી.

ગુજરાત નિયંત્રણ બજાર સંઘ અને હોદ્દેદારો વચ્ચે યોજાયેલી બેઠકમાં 224 ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓમાં કઇ રીતે માળખાકીય સુવિધા વધે અને વેપારીઓ,ખેડૂતોને લાભ થાય તેવી વાટાઘાટો થઇ હતી. આ બેઠકમાં માર્કેટિંગ યાર્ડના હોદ્દેદારોએ બાંધાકામ માટે મળતી ગ્રાન્ટને રૂ. 15 કરોડ કરવાની માગ કરી હતી. જો કે, રાજ્ય સરકારે રૂ. 10 કરોડ કરવાનો નિર્ણય લીધો છે. રાજ્યના માર્કેટિંગ યાર્ડમાં ટેકાના ભાવે ખેડૂતોના જણસની ખરીદી થાય છે.આ ખરીદીમાં માર્કેટીંગ યાર્ડને કોઇ શેષ મળતી નથી. આથી માર્કેટીંગ યાર્ડના હોદ્દેદારોએ ટેકાના ભાવે થતી ખરીદી પર શેષ આપવાની માગણી કરી હતી. જો કે, આ બેઠકમાં શેષ બાબતે કોઇ નિર્ણય લેવાયો ન હતો.

# આત્મનિર્ભરતાઃ મંગલમહુડી ગામની મહિલાઓ દૂધી, વાંસમાંથી સજાવટી સામાન, ચિત્રો બનાવે છે

**દૂધીમાંથી લેમ્પ અને વાંસમાંથી વોટર બોટલ : ખેતી અને ઘરકામની સાથે ગૃહઉદ્યોગ**

દાહોદ : દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના મંગલમહુડી ગામના હોળી ફળિયામાં પ્રવેશતા જ એક નાનકડા રૂમમાંથી વાંસ છોલવાનો અને કંઈક નવું સર્જવાનો 'ખીટપીટ'" અવાજ કાને પડે છે. ગામના જ પાર્વતી મા સખી મંડળના પ્રમુખ બહેને જણાવ્યું કે, આ મહિલાઓ ક્યારેય શાળાનું પગથિયું પણ ચઢી નથી, પરંતુ આજે તેઓ 10 બહેનો અને 10 ભાઈઓના સમૂહને રોજગારી પૂરી પાડી રહ્યા છે. સરકાર દ્વારા મળેલી 4 મહિનાની તાલીમે તેમનું જીવન બદલી નાખ્યું છે.

આજે આ બહેનો ઘરકામ અને ખેતીની સાથે વધારાના સમયમાં વાંસ અને દૂધીમાંથી અદભૂત કલાકૃતિઓ બનાવી આર્થિક રીતે સધ્ધર બની છે. વાંસમાંથી



પેન સ્ટેન્ડ, મોબાઈલ સ્ટેન્ડ, હેરસ્ટીક, પાણીની બોટલ, પક્ષીઓના માળા, તોરણો અને તીર-કામઠું પણ બનાવે છે.

**દૂધીને એક મહિના સુધી સૂકવવી પડે છે :**

દૂધીને એક મહિના સુધી સૂકવી, તેનો ગર કાઢી, તેમાં બારીક કાણાં પાડીને આકર્ષક 'નેચરલ લેમ્પ' તૈયાર કરવામાં આવે છે. આ જ રીતે વાંસને છોલીને તેના પર વારલી પેઈન્ટિંગ અને ઊન-મોતીનું ઝીણવટભર્યું નકશીકામ કરી વોટર બોટલ, પેન સ્ટેન્ડ અને તોરણો જેવી હસ્તકલાની કૃતિઓ તૈયાર કરવામાં આવે છે.

# સુમૂલ ડેરીને જીએસટી પાલન માટે પ્રશંસા પ્રમાણપત્ર એનાયત

સુરત : સુરત-તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (સુમૂલ ડેરી)ને 77માં ગણતંત્ર દિવસના અવસરે ભારત સરકારના નાણાં મંત્રાલયના આવક વિભાગ હેઠળના સીજીએસટી સેન્ટ્રલ સુરત અને એક્સાઈઝ, કમિશનરેટ દ્વારા પ્રશંસા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યુ હતું. આ સન્માન આર્થિક વર્ષ 2024-25 દરમિયાન જીએસટી રિટર્ન સમયસર ફાઈલ કરવા તેમજ જીએસટીની નિયમિત ચુકવણી બદલ આપવામાં આવ્યુ છે. સુમૂલ ડેરી દ્વારા કરવામાં આવેલા આ નિયમિત અને જવાબદાર કર પાલનને આ મજબૂત અને સ્થિર વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન તરીકે માન્યતા આપવામાં આવી છે. પ્રમાણપત્ર કમિશનર (આઈઆરએસ) ડો. મનપ્રીત અરોરા દ્વારા ગત તારીખ 26ના રોજ એનાયત કરવામાં આવ્યું હતું. જે સુમૂલ ડેરી તરફથી મેનેજિંગ ડિરેક્ટર સી.એ.અરુણ પુરોહિતએ સ્વીકાર્યુ હતું.

# સાબરડેરીમાં ઓ.પી.યુ-આઈ.વી.ઈ.પી. ઈ.ટી. લેબોરેટરીનુ ખાતમૂહુર્ત કરાયું : આઠ માસમાં રૂા.પાંચ કરોડનો ખર્ચ થશે

તલોદ : એન.ડી.ડી.બી.ના ચેરમેનશ્રી મિનેષ શાહે હિંમતનગરની સાબરડેરી ખાતે ઓ.પી.યુ- આઈ.વી . ઈ.પી-ઈ.ટી લેબોરેટરીનું ખાતમુહૂર્ત કર્યું છે આ આધુનિક લેબ આગામી આઠ મહિનામાં પાંચ કરોડના ખર્ચે તૈયાર થશે તેનો મુખ્ય ઉદ્દેશ્ય પશુઓની ઓલાદ સુધારવાનો છે. ઓ.પી.યુ. આઈ . વી . ઈ.પી-ઈ.ટી લેબોરેટરી ઉચ્ચ આનુવંશિક લક્ષણો ધરાવતી ગાય-ભેંસના અંડકોષ અને સાંઢ-પાડાના શુક્રાણુમાંથી વૈજ્ઞાનિક પદ્ધતિથી પ્રયોગશાળામાં ગર્ભ બનાવશે આ ગર્ભને તંદુરસ્ત ગર્ભાશય ધરાવતી વાછરડી-પાડી કે ઓછું દૂધ આપતી ગાયો-ભેંસોમાં પ્રત્યારોપણ કરવામાં આવશે આ પ્રક્રિયા દ્વારા ઓછું દૂધ આપતી ગાયો-ભેંસો વધુ દૂધ આપતી પાડી-વાછરડીને જન્મ આપી શકશે જેના પરિણામે પશુપાલકોના ઘરઆંગણે ઉચ્ચ આનુવંશિક લક્ષણો ધરાવતી વાછરડીઓ અને પાડીઓની સંખ્યામાં વધારો થશે જે પશુધનની ગુણવત્તા સુધારશે. સાબરડેરીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી સુભાષ પટેલે જણાવ્યું હતું કે આ લેબોરેટરીમાં એક વર્ષમાં અંદાજિત એક હજાર ગર્ભ બનાવવામાં આવશે. આ ખાતમુહૂર્ત પ્રસંગે સાબરડેરીના ચેરમેનશ્રી શામળભાઈ પટેલ વર્ચ્યુઅલી હાજર રહ્યા હતા.

**સહકારના માધ્યમથી આત્મનિર્ભર ભારતની પરિકલ્પના સાકાર થશે**

# કેડીસીસી બેન્ક, અમૂલ ડેરી અને ચરોતર સહકારી મંડળીના ઉપક્રમે મહાસંમેલન યોજાયું હતું

ડાકોર : સહકારના માધ્યમથી છેવાડાના માનવી સુધી સરકારની વિવિધ યોજનાઓના લાભ પહોંચાડીને દરેક ગામ આર્થિક રીતે સમૃદ્ધ બને અને આત્મનિર્ભર ભારતની પરિકલ્પના સાકાર થઇ શકે તે માટે સહકારી સંસ્થાઓ કટિબદ્ધ બની છે. આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન-2025 હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશીના ભાગરૂપે આણંદ જિલ્લાની સહકારી સંસ્થાઓનું સહકારી મહાસંમેલન 2025 બાંધણી ચોકડી ખાતે યોજાયું હતું.

સંમેલનમાં સહકારી ક્ષેત્રના પડકારો અને ઉજ્જવળ તકો પર આત્મનિર્ભર ચર્ચા-વિચારણા કરવા સાથે ભારતની પરિકલ્પનાને સાકાર કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. કેડીસીસી બેંક, અમૂલ ડેરી અને ચરોતર ગેસ સહકારી મંડળીના સંયુક્ત ઉપક્રમે આયોજિત સહકારી મહાસંમેલન- 2025માં ગુજરાતના મંત્રી રાજ્યકક્ષાના શ્રી કમલેશભાઇ પટેલ, આણંદ જિલ્લા ભાજપ પ્રમુખશ્રી સંજયભાઇ પટેલ,

**આત્મનિર્ભર ભારતની પરિકલ્પનાને સાકાર કરવાનો સંકલ્પ લેવાયો**

કેડીસીસી બેંકના ચેરમેનશ્રી તેજસકુમા2 પટેલ, અમૂલ ડેરીના ચેરમેનશ્રી વિપુલભાઇ પટેલ, સહકારી સંસ્થાના અગ્રણીઓ તેમજ સહકારી સંસ્થા સાથે જોડાયેલા સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં કેડીસીસી બેંકના ચેરમેનશ્રી તેજસકુમાર બી. પટેલ દ્વારા ઉપસ્થિત સૌને આત્મનિર્ભર ભારત સ્વદેશી વસ્તુઓની ભાવના સાથે સંકલ્પ લેવડાવામાં આવ્યો હતો. આણંદ જિલ્લા ભાજપ પ્રમુખશ્રી સંજયભાઇ પટેલે સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરવા માટે અને આત્મનિર્ભરતા માટે પ્રેરણા પૂરી પાડી હતી.

**યુએનનો ઐતિહાસિક... પાના નં. 1નું અનુસંધાન**

સમાજોને સહકારિતાઓને ટકાઉ વિકાસના અસરકારક સાધન તરીકે અપનાવવા માટે પ્રેરિત કર્યા છે. તેથી હવે દર દસ વર્ષે આ પ્રકારનું વર્ષ ઉજવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ઠરાવમાં જણાવાયું છે કે સહકારી સંસ્થાઓ લોકોની આર્થિક અને સામાજિક જીવનમાં પૂર્ણ ભાગીદારી સુનિશ્ચિત કરે છે. ગરીબી અને ભૂખમરાની નાબૂદી, ખાદ્ય સુરક્ષા, સામાજિક સમાવેશ, લિંગ સમાનતા, રોજગાર સર્જન તેમજ આબોહવા પરિવર્તન સામે અનુકૂલન અને નિવારણમાં સહકારિતાઓનું મહત્વપૂર્ણ યોગદાન હોવાનું સ્પષ્ટ કરવામાં આવ્યું છે. લોકશાહી માલિકી અને સમુદાયના હિત પર આધારિત મોડેલને કારણે સહકારિતાઓ સર્વસમાવેશક અને સ્થિતિસ્થાપક વિકાસ માટે અનન્ય રીતે યોગ્ય ગણાવવામાં આવી છે. મહત્વપૂર્ણ રીતે, આ ઠરાવ સહકારી પ્રવૃત્તિઓને સંયુક્ત રાષ્ટ્રના 17 ટકાઉ વિકાસ લક્ષ્યો (SDGs) સાથે જોડે છે. તેમાં આદિવાસી સમુદાયો, ગ્રામ્ય વિસ્તારો અને અન્ય નબળા વર્ગોના સામાજિક-આર્થિક વિકાસમાં સહકારિતાઓના યોગદાનને વિશેષ રીતે માન્યતા આપવામાં આવી છે.

# સહકારી બેન્કોને રિટર્ન ફાઈલ કરવા સંદર્ભે સેમિનાર યોજાયો

હિંમતનગર : સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક, હિંમતનગર તથા ગુજરાત સ્ટેટ કો-ઓપ. બેંક અમદાવાદના સંયુક્ત ઉપક્રમે હિંમતનગરમાં ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટ અમદાવાદ દ્વારા સહકારી બેંકોને ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલ કરવા અંગેની સમજુતી આપવાનો સેમિનાર યોજાયો હતો. જેમાં અધ્યક્ષ સ્થાને ગુજરાત સહકાર ભારતીના અધ્યક્ષ અને ગુજરાત સ્ટેટ કો-ઓપ. બેંક અને ગુજરાત રાજ્ય સહકારી સંઘના ડિરેકટર, સા.કો, બેન્કના ચેરમેન પૂર્વ મહેશભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમ્યાન ઈન્કમટેક્ષ વિભાગના પ્રિયવદન ડોડીયા, રોહિત દહીયા, નવિન દિક્ષિતે ઉપસ્થિત રહી બેંકના ગ્રાહકે ભરવાના ફોર્મ નં.60 તથા બેંકે ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટને ફાઇલ કરવાના થતા ફોર્મ નં. 61, 61-એ, 61-બી અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમજ બેંકના જે કંઇ પ્રશ્નો હતા તેનો ઉકેલ આપ્યો હતો.

**બેન્કના ખાતેદારોએ ભરવાના ફોર્મ અંગે માહિતી અપાઈ**

સેમિનારમાં સાબરકાંઠા બેંકના અધિકારી તેમજ બંને જિલ્લાના તાલુકાની નાગરિક સહકારી બેંકના અધિકારી હાજર રહ્યા હતા. સેમિનારમાં અધ્યક્ષ મહેશભાઈ પટેલે સહકારી બેંકોએ કાળજી રાખી રીટર્ન ફાઇલ કરવા તથા ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટ દ્વારા થતા દંડમાંથી મુક્તિ મળે તે માટે સૂચન કર્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં પ્રાસંગિક પ્રવચન ચીફ એક્ઝિક્યુટિવ એચ. પી. નાયકે કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન એચ. એમ. પટેલ, એડવાઇઝર ટુ ધી બોર્ડ સા.કો. બેંક દ્વારા કરવામાં આવ્યું હતું.

**તાલુકા અને જિલ્લા સહકારી... પાના નં. 4નું અનુસંધાન**

(૨૩) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્મેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે, તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM પોર્ટલ પર ઉપબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તારીખ ૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા વખતો વખતના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી “ના વાંધા પ્રમાણપત્ર” મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે. સાધન/કીટની ગુણવત્તા સુનિશ્વિત કરવાની રહેશે.
(૨૪) નાણાકીય સહાય નિયત કરેલ સમાયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.
(૨૫) આ યોજનાને DBT Portal ઉપર ફરજિયાત નોંધવાની રહેશે.
(૨૬) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
(૨૭) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજૂ કરવાનું રહેશે.
(૨૮) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
(૨૯) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
(૩૦) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
(૩૧) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
(૩૨) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યતાના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
(૩૩) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
(૩૪) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
(૩૫) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.
(૩૬) મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.
(૩૭) બાંધકામ અંગે સંસ્થાએ પોતે જ કાયદેસરની પ્રક્રિયા કરી માન્ય એન્જિનિયર મારફત બાંધકામની કામગીરી કરાવવાની રહેશે.
(૩૮) સરકારશ્રી દ્વારા મંજૂર થયેલ સહાયની રકમ રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ દ્વારા માંગણી મુજબની રકમ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીને હવાલે મુકવા જરૂરી વિગતવાર હુકમો કરવાના રહેશે.
(૩૯) સહકારી ખાતાના ઓડિટર મારફતે હિસાબોનું ઓડિટ કરવાનું રહેશે.
(૪૦) સહાયના શરતોની પાલનની લેખીત બાંહેધરી તાલુકા / જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘોએ આપવાની રહેશે.
(૪૧) રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગાંધીનગર સૂચવે તે પ્રકારના રજિસ્ટરો જાળવવાના રહેશે અને જરૂર જણાયે તેવી માહિતી માંગે ત્યારે પૂરી પાડવાની રહેશે.
(૪૨) રાજ્ય સરકારશ્રીના તા.૩૧/૦૭/૨૦૨૩ના જાહેરનામા ક્રમાંક - GHKH/111/2023/GCS/10/2016/245(3)/CHH ની જોગવાઇ અનુસાર એપેક્ષ સંસ્થાઓ, ફેડરલ સંસ્થાઓ તથા નિર્દિષ્ટ સહકારી સંસ્થાઓએ રૂ.૫.૦૦/- લાખથી વધુ રકમની કોઈપણ ખરીદી કે કોન્ટ્રાક્ટ ઈ-ટેન્ડરીંગ પ્રક્રિયાથી જ કરવાની રહેશે.
(૪૩) સહાય સિવાયની બાકીની ૫૦% રકમ સંઘ કયાંથી મેળવશે તેનું આયોજન જરૂરી આધાર પુરાવા સહ રજૂ કરવાના રહેશે
(૪૪) બાંધકામ માટે સહાય સિવાયની રકમની લોન લેવાની હોય તો સંસ્થાની કર્જયતા જળવાતી હોવા અંગેની વિગતો આધારો સહ રજૂ કરવાના રહેશે.
(૪૫) સદર પ્રોજેક્ટ વૈજ્ઞાનિક ઢબે બનાવવાના રહેશે.
(૪૬) આ યોજનાની કોઈપણ શરતનો ભંગ થયેલ જણાયેથી સબસિડીની રકમ વ્યાજ સહિત પરત લેવા સરકારશ્રી હકદાર રહેશે.
(૪૭) યોજનાની તમામ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાની લેખીતમાં બાંહેધરી સંઘે આપવાની રહેશે.
(૪૮) જે હેતુ માટે સહાયની માગણી કરવામાં આવી હશે તે હેતુ માટે સંઘ ભવિષ્યમાં અન્ય સહાય આપતી નાણાકીય સંસ્થા પાસેથી સહાયની રકમ નહી મેળવે તેવી બાંહેધરી આપવાની રહેશે.
(૪૯) આ સહાય હેઠળ ખરીદેલ વસ્તુ તેમજ બાંધકામનો વીમો લેવાનો રહેશે
(૫૦) જિલ્લા રજિસ્ટ્રારશ્રીની કચેરીએ હિસાબો નિભાવવાના રહેશે.
(૫૧) સદર વહીવટી મંજૂરી અન્વયેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૪ થી કરવાનો રહેશે.
(૫૨) આ યોજના હેઠળ નાણાકીય વર્ષ : ૨૦૨૪-૨૫ માં મંજૂર કરવામાં આવનાર સહાય અંગેનું ખર્ચ નીચેના બજેટ સદરે ઉધારવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી ક્રમાંક | (સામાન્ય વિસ્તાર)ૌ |
| સેક્ટર | (ગ) આર્થિક સેવાઓના મૂડી હિસાબો |
| પેટા સેક્ટર | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓના મૂડી હિસાબો |
| મુખ્ય સદર | ૨૪૨૫ - સહકાર |
| ગૌણ સદર | ૧૦૮ - અન્ય સહકારી મંડળીઓને સહાય |
| પેટા સદર | ૩૩ – COP-37 તાલુકા અને જિલ્લા ખરીદ વેચાણ સંઘોને સહાય |
| વિગતવાર સદર | ૩૩૫૫ સહાયકી (ગ) અન્યને |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા સલાહકારશ્રી(કૃષિ) અને સચિવશ્રી(સહકાર)ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કુલદીપસિંહ જે.મકવાણા)
ઉપસચિવ
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

**અમૂલ-A1થી... પાના નં. 4નું અનુસંધાન**

જેના પરથી એઆઇ કામ કરશે. એઆઇ ચોવીસ ક્લાક કામ કરે છે અને ક્યારેય ભૂલતા નથી. અમૂલ-ફેડરેશનના મેનેજિંગ ડિરેક્ટર ડો. જયેન મહેતાએ જણાવ્યું કે હવે પશુપાલકો એઆઇ એપનો ઉપયોગ કરીને અથવા 08035453545 પર ફોન કરીને માહિતી મેળવી શકશે જે ઉદાહરણીય બની રહેશે. અમૂલ- ફેડરેશનના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીએ સર્વેનું સ્વાગત કર્યુ હતું. અંતમાં વાઇસ ચેરમેનશ્રી ગોરધન ધામેલીયાએ આભાર વ્યક્ત કર્યો હતો.

**સંસદમાં ટૂંકમાં નવા... પાના નં. 4નું અનુસંધાન**

આવા લોકો સામે કાયદા મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે. કેન્દ્રીય કૃષિમંત્રીએ ખપરીમાં એક ખેતરની મુલાકાત લીધી, તે દરમિયાન ત્યાં ઉપસ્થિત ખેડૂતો સાથે વાચચીત કરી હતી. ખેડૂતોને અભિનંદન આપતાં શ્રી શિવરાજસિંહ ચૌહાણને કહ્યું કે, છત્તીસગઢના ખેડૂતો હવે પરંપરાગત ખેતી સાથે નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરી રહ્યા છે, જે સમગ્ર દેશ માટે એક સારું ઉદાહરણ છે. વૃક્ષારોપણ માત્ર પર્યાવરણ માટે જ જરૂરી નથી, પરંતુ તે ખેડૂતોને લાંબા ગાળે સારી આવક મેળવવામાં પણ મદદરૂપ બની શકે છે.

**કોલંબો ઘોષણાપત્ર... પાના નં. 1નું અનુસંધાન**

2026-2030 હેઠળ લોકો-કેન્દ્રિત સાહસોને મજબૂત કરવા માટે તેમની સામૂહિક જવાબદારીને પુનઃપુષ્ટિ કરી છે. જેનો હેતુ સમાવિષ્ટ તકોને મજબૂત બનાવવા, નેતૃત્વ ભાગીદારીમાં સુધારો કરવા અને સહકારી સંસ્થાઓને લાંબા ગાળાની સમૃદ્ધિના એન્જિન તરીકે સ્થાન આપવાનો છે. આ વ્યૂહરચનાની છ પ્રાથમિકતાઓ, જેમાં નિયમન વધારવા અને સહકારી સ્પર્ધાત્મકતાને પ્રોત્સાહન આપવાથી લઈને સહકારી વિકાસને વેગ આપવા અને જ્ઞાન સંસાધન તરીકે સેવા આપવાનો સમાવેશ થાય છે, ભવિષ્યની કાર્યવાહી માટે એક નક્કર માળખું પૂરું પાડે છે.

પશુખોરાક, કપાસિયાના વેચાણની આવકને વેરા મુક્તિ

# મોટી સહકારી બેન્કો દ્વારા નાની સહકારી બેન્કોને અપાતા ડિવિડન્ડ પર ટેક્સ નહીં લાગે

અમદાવાદ : નાની સહકારી સંસ્થાઓએ જિલ્લા કે રાજ્ય સ્તરની મોટી બેન્કો કે નેશનલ લેવલના મોટા કો-ઓપરેટિવ ફેડરેશનના શેર્સમાં કરેલા રોકાણ પર મોટી સહકારી બેન્કો કે સંસ્થાઓ દ્વારા આપવામાં આવતા ડિવિડંડની આવકને વેરા પાત્ર ન ગણવાની જાહેરાત કેન્દ્રિય નાણાંમંત્રીશ્રી નિર્મલા સીતારમણે રવિવારે સંસદમાં રજૂ કરેલા બજેટના માધ્યમથી કરી છે. જોકે તેની સાથે એક શરત એ છે કે જિલ્લા બેન્ક તેના શેર્સ ધરાવતી નાની સહકારી બેન્કને ડિવિડંડ આપે અને નાની સહકારી બેન્ક તેના સભાસદોને તે ડિવિડંડ ચૂકવી દે તો જ તે ડિવિંડડની આવક પર આવકવેરો લાગશે નહિ. ડિવિડંડ આગળ આપવામાં આવશે તો જ તેને આવકવેરાના રિટર્નમાં ખર્ચ તરીકે બાદ આપવામાં જ આવશે. રવિવારે રજૂકરેલા બજેટમાં લેવાયેલા આ નિર્ણયને પરિણામે સહકારી સંસ્થાઓને મોટી રાહત મળી છે.

રવિવારે સંસદમાં રજૂ કરવામાં આવેલા : 2026-27ના નાણાંકીય વર્ષના બજેટમાં દેશનાં સહકારી ક્ષેત્ર માટે મોટા રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી છે. કેન્દ્રીય નાણાંમંત્રીશ્રી નિર્મલા સીતારમણે પ્રાથમિક સહકારી સંસ્થાઓ, આંતર-સહકારી સંસ્થાઓ અને રાષ્ટ્રીય સહકારી ફેડરેશનોને મજબૂત બનાવવા માટે વેરાના લાભ આપવાના પગલાં લીધા છે. આ રીતે કોઓપરેશન એમોન્ગ્સ ટુ

અનુસંધાન પાના નંબર : 2

# બંધ થયેલી સહકારી ખાંડ મિલોને પુનર્જીવિત કરવા માટે IP પહેલ કરે છે

લોકસભામાં એક લેખિત જવાબમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, સહકાર મંત્રાલયના સૂચન પર ઈન્ડિયન પોટાશ લિમિટેડ (IPL) એ બંધ પડેલી સહકારી ખાંડ મિલોને પુનઃજીવિત કરવા માટે એક વિશેષ પહેલ હાથ ધરી છે. સરકારે સ્પષ્ટતા કરી છે કે એપ્રિલ 2016 પછી ખેડૂતોને વાજબી અને મહેનતાણું ભાવ (FRP) અથવા રાજ્ય દ્વારા સૂચિત ભાવ (SAP) મુજબ ચૂકવણી કરનાર સહકારી ખાંડ મિલો પર વધારાનો આવકવેરો લાદવામાં આવશે નહીં. આ ઉપરાંત, કેન્દ્રીય બજેટ 2023-24 અંતર્ગત વર્ષ 2016-17 પહેલાના સમયગાળા માટે ખેડૂતોને કરાયેલી ચૂકવણીને ખર્ચ તરીકે દર્શાવવાની છૂટ આપતા ખાંડ સહકારી મંડળીઓને આશરે રૂ. 46,000 કરોડથી વધુની મોટી રાહત મળી છે.



સહકારી ખાંડ મિલોના આધુનિકીકરણ માટે સરકારે નેશનલ કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC) દ્વારા ઈથેનોલ પ્લાન્ટ, કો-જનરેશન પ્લાન્ટ અને વર્કિંગ કેપિટલ સહાય પૂરી પાડવાની યોજના શરૂ કરી છે. આ યોજના હેઠળ મંત્રાલયે NCDC ને રૂ. 1,000 કરોડ ફાળવ્યા છે,જેમાંથી નાણાકીય વર્ષ 2022-23 અને 2024-25માં રૂ. 500-500 કરોડની સહાય અપાઈ છે. અત્યાર સુધીમાં NCDC એ દેશની 56 સહકારી ખાંડ મિલોને કુલ રૂ. 10,005 કરોડનું વિતરણ કર્યું છે, જે આ ક્ષેત્રના આર્થિક સશક્તિકરણમાં મહત્વની ભૂમિકા ભજવશે.

# અમૂલ-A1થી પશુપાલકોને આંગળીનાં ટેરવે તમામ માહિતી ઉપલબ્ધ થશે

આણંદ : અમૂલ-એઆઈથી હવે પશુપાલકો આંગળીના ટેરવે પશુઓ, પશુઓના આરોગ્ય, દૂધ, આવક સહિતની તમામ માહિતી મેળવી શકશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ-એઆઇ દ્વારા ડેરી ક્ષેત્રની નવી દિશા આપતી અમૂલ એઆઇનું ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રાજ્યના 18,500થી વધુ ગામડાઓમાં 36 લાખ દૂધ ઉત્પાદકોની સહકારી સંસ્થા અમૂલ દ્વારા ખેડૂતથી ટેક્નોલોજી સુધી સહકારને સ્માર્ટ બનાવતી નવિન અમૂલ એ.આઈ. ક્રાંતિનો પ્રારંભ કરાયો છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, ખેડૂતો અને પશુપાલકોને સહકારથી સમૃદ્ધિના માર્ગે લઇ જવાનું જીવંત ઉદાહરણ અમૂલે પૂરું પાડ્યું છે.

હવે એઆઇ સંકલનથી અમૂલ જ ડેરી ક્ષેત્રે ક્વોલિટી, પ્રોડકશન અને પારદર્શિતા માટે નવી ક્રાંતિ સર્જશે. આણંદની ધરતી પરથી અમૂલ દ્વારા એઆઇના ઉપયોગની શરૂઆત એ માત્ર ટેક્નોલોજી લોન્ચિંગ નથી પરંતુ દેશમાં કૃષિ, પશુપાલન અને ડેરી ક્ષેત્રને આધુનિક અને આત્મનિર્ભર બનાવવાનો માઈલસ્ટોન છે.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, અમૂલમાં ટેક્નોલોજીનો ઉપયોગ થઈ રહ્યો છે. ડેરી પ્લાન્ટમાં ઘણા કાર્યો રોબોટ દ્વારા કરવામાં આવે છે. હવે અમૂલ દ્વારા લોન્ચ કરવામાં આવેલી નવી 'સરલા' એપથી વિશ્વમાં પ્રથમવાર દૂધના ફેટ, એસએનએફ અને દૈનિક હિસાબ મોબાઈલ એપ પર આપવાની વ્યવસ્થા કરી છે.

અમૂલ એઆઇ બનાવનાર ડો.શંકરે જણાવ્યું કે અમૂલ પાસે કરોડો ડેટા છે

અનુસંધાન પાના નંબર : 3



મુખ્યમંત્રીએ ડેરી ક્ષેત્રને નવી દિશા આપતા અમૂલ એ.આઈ.નું લોકાર્પણ કર્યું

ખેડૂતો સાથેના સંવાદમાં કેન્દ્રીય કૃષિ મંત્રીની મહત્વની જાહેરાત

# સંસદમાં ટૂંકમાં નવા કૃષિ કાયદા રજૂ કરાશેઃ શ્રી શિવરાજ ચૌહાણ

દુર્ગ : કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રીશ્રી શિવરાજ સિંહ ચૌહાણે છત્તીસગઢના દુર્ગ જિલ્લામાં ખેડૂતો સાથેના સંવાદ દરમિયાન એક મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. આ જાહેરાત અંતર્ગત ખેડૂતોને કાયદાકીય સુરક્ષા આપવા માટે ટૂંક સમયમાં જ સંસદમાં નવા કૃષિ કાયદાઓ લાવવામાં આવશે.

આ સાથે કેન્દ્રીય કૃષિમંત્રી ચૌહાણે સ્પષ્ટતા કરીને કહ્યું કે નકલી બીજ, નકલી ખાતર અને નકલી જંતુનાશક દવાઓ વેચનારાઓ સામે કડક અને દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. સરકારનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતોનો સર્વાંગી વિકાસ કરવો અને તેમને દલાલોથી તથા છેતરપિંડીથી બચાવવાનો છે. ખેડૂતોની મહેનત, તેમના પાક અને ભવિષ્ય સાથે હવે કોઈપણ પ્રકારની 'રમત'ને ચલાવી લેવાશે નહીં.



નકલી બીજ, નકલી - ખાતર અને નકલી જંતુનાશકો દવાઓ દ્વારા ખેડૂતોને નુકસાન પહોંચાડનાર તત્ત્વો સામે કેન્દ્ર સરકાર નિર્ણાયક, કડક અને દંડનીય પગલાં લેવા માટે આગળ વધી રહી છે. છત્તીસગઢના દુર્ગ જિલ્લાના પ્રવાસ દરમિયાન કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો. આ દરમિયાન તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારની સૌથી મોટી પ્રાથમિકતા ખેડૂતો અને તેમનો વિકાસ છે. કેટલાક અસામાજિક તત્ત્વો નકલી ખાતર દ્વારા ખેડૂતોના પાક્ને બરબાદ કરી રહ્યા છે, જે માત્ર આર્થિક ગુનો જ નહીં પરંતુ ખેડૂતો સાથે કરવામાં આવતો મોટો વિશ્વાસઘાત પણ છે.

અનુસંધાન પાના નંબર : 3

# તાલુકા અને જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘોના પ્રોજેક્ટ માટે ૫૦% કેપિટલ સહાય આપવાની યોજના (સામાન્ય વિસ્તાર) (ચાલુ બાબત)

નાણાકીય વર્ષઃ૨૦૨૪-૨૫ માટે રૂ.૨/- કરોડ

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક : ACD/ABR/e-file/2/2023/4890/G
સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા :-

(૧) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૦૨/૦૯/૨૦૨૧ના ઠરાવ ક્રમાંકઃ- એપીએમ-૧૨-૨૦૨૧-૨૩૦-ગ
(૨) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૨૨/૦૪/૨૦૨૨ના ઠરાવ ક્રમાંકઃ- એપીએમ-૧૨-૨૦૨૧-૧૩૬૦-૧૨-ગ
(૩) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૧૫/૦૯/૨૦૨૨ના ઠરાવ ક્રમાંકઃ- એપીએમ-૧૨-૨૦૨૧-૨૩૦-ગ
(૪) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૨૬/૦૪/૨૦૨૩ના ઠરાવ ક્રમાંકઃ- ACD/KEF/e-file/2/2022/2533/G
(૫) રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૦૮/૦૨/૨૦૨૪ ના પત્ર ક્રમાંકઃ-RCOS/KVM/e-file/278/2024/0131/Marketing

**પ્રસ્તાવના :**

રાજ્યમાં આવેલા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘો અને તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘો દ્વારા ખેતી વિષયક ઈનપુટ જેવા કે, ખાતર, બિયારણ, ઓજારો, જંતુનાશક દવાઓ વગેરે રાહતદરે પૂરાં પાડવામાં આવે છે. આ ઉપરાંત અન્ય ખેતી વિષયક સેવાઓ જેમ કે ખેતપેદાશોની ખરીદી, પ્રોસેસીંગ, સ્ટોરેજ, ઉપરાંત ટેકાના ભાવની ખરીદી અને ખરીદ કરેલ ખેત ઉત્પાદનનું યોગ્ય સ્ટોરેજ ઉપરાંત ખેડૂતો અને ખેતી વિષયક પ્રાથમિક મંડળીઓના ખેત ઉપજોનું વેચાણ અને માર્કેટિંગ કરી આપવાનું કામ કરે છે. આ સંઘો આર્થિક રીતે વધુ મજબૂત બને અને તેના થકી ખેડૂતોને વધુ આર્થિક લાભ થાય અને વધુ સારી ઉત્તમ સેવાઓ મળી શકે તે માટે આ સંઘોને તેમના વિવિધ પ્રોજેક્ટ જેવા કે પ્રોસેસીંગ, ગ્રેડિંગ, ક્લીનીંગ, વોશીંગ, શોટીંગ, પેકેજિંગ, બ્રાન્ડીંગ, સ્ટોરેજ ગોડાઉન માટે ૫૦ % કેપિટલ સહાય આપવાની યોજના વંચાણે લીધા ક્રમાંકઃ૦૧ પરના આ વિભાગના તા.૦૨/૦૯/૨૦૨૧ના ઠરાવથી અમલમાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંકઃ(૨) પરના આ વિભાગના તા.૨૨/૦૪/૨૦૨૨ના ઠરાવથી આ યોજનાને નાણાકીય વર્ષ :૨૦૨૨-૨૩માં ચાલુ બાબત તરીકે વહીવટી મંજૂરી આપેલ હતી. વંચાણે લીધા ક્રમાંકઃ(3) પરના આ વિભાગના તા.૧૫/૦૯/૨૦૨૨ના ઠરાવથી આ યોજનાના મુળ ઠરાવની શરતોમાં સુધારા કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંકઃ(૪) પરના આ વિભાગના તા.૨૬/૦૪/૨૦૨૩ ના ઠરાવથી આ યોજનાને નાણાકીય વર્ષ :૨૦૨૩-૨૪ માં ચાલુ બાબત તરીકે વહીવટી મંજૂરી આપેલ હતી. વંચાણે લીધા ક્રમાંક : (૫) પરના રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૦૮/૦૨/૨૦૨૪ ના પત્રથી આ યોજનાને નાણાકીય વર્ષઃ ૨૦૨૪-૨૫ માં ચાલુ રાખવાની વહીવટી મંજૂરી આપવા આ વિભાગ સમક્ષ દરખાસ્ત કરેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાના અંતે, તાલુકા અને જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘોના પ્રોજેક્ટ માટે ૫૦% કેપિટલ સહાય આપવાની યોજના (સામાન્ય વિસ્તાર) ને નાણાકીય વર્ષઃ૨૦૨૪-૨૫ ના વર્ષમાં રૂ.૨/-કરોડ (અંકે રૂપિયા બે કરોડ પૂરા )ની જોગવાઈ સહિત ચાલુ બાબત તરીકે નીચે જણાવેલ બોલીઓ અને શરતોને આધિન વહીવટી મંજૂરી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

**શરતો :-**

(૧) આ યોજના હેઠળ દરેક તાલુકા અને જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘોને પ્રોસેસીંગ, ગ્રેડિંગ, કલીનીંગ, વોશીંગ, શોર્ટીંગ, પેકેજિંગ, બ્રાન્ડીંગ, સ્ટોરેજ ગોડાઉનના હેતુઓ માટે જ સહાય મળવા પાત્ર રહેશે.
(૨) તાલુકા અને જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘો દ્વારા રજૂ કરેલ પ્રોજેકટ કોસ્ટના ૫૦% લેખે કેપીટલ સહાય આપવાની રહેશે. જેની મહત્તમ મર્યાદા રૂ.૨૦/- લાખની રહેશે.
(૩) તાલુકા અને જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘો પાસે પોતાની માલિકીની જમીન હોવી જોઈશે.
(૪) યોજના હેઠળના હેતુઓ માટે સહાય મેળવવા માટેના નકશા અને અંદાજો નિયામક, ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા માન્ય પેનલ પરના એન્જીનીયરે તૈયાર કરેલા હોવા જોઈએ, અને અંદાજો જાહેર બાંધકામ ખાતાના માન્ય એસ.ઓ.આર મુજબ રહેશે. તે અંગેનું પ્રમાણપત્ર જે તે જિલ્લા પંચાયત / તાલુકા પંચાયતના ઈજનેરશ્રીએ આપવાનું રહેશે.
(૫) આ યોજના હેઠળ સહાય મેળવવા પ્રોજેક્ટ રીપોર્ટમાં દર્શાવેલ જમીનની ખરીદ કિંમત ધ્યાને લેવામાં આવશે નહીં.
(૬) આવી સગવડો મેળવવા માટેની દરખાસ્ત સંબંધિત તાલુકા અને જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘોએ પોતાના જિલ્લાના જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ મારફત રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજ.રાજ્ય, ગાંધીનગરને મોકલવાની રહેશે. અને રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ,ગાંધીનગર એ ઉક્ત દરખાસ્ત મંજુરી અર્થે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગને રજુ કરવાની રહેશે. આવી દરખાસ્તો મંજૂર થયા બાદ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓની કચેરી મારફતે સંબંધકર્તા સંઘને જેટલા પ્રમાણમાં કામગીરી થયેલ હોય તે ધ્યાને લઈ સહાયની રકમ ચુકવવાની રહેશે. સહાયની રકમ એકી સાથે સંઘને ચુકવવામાં આવશે નહીં.
(૭) મંજુર થયેલ સહાયની રકમ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ અને સંબંધિત તાલુકા / જિલ્લા ખરીદ વેચાણ સંઘના સંયુક્ત નામે જિલ્લા મધ્યસ્થ / રાષ્ટ્રિયકૃત બેંકમાં જમા આપવાની રહેશે, અને વપરાશના પ્રમાણમાં જિલ્લા રજિસ્ટ્રારની મંજુરીથી ઉપાડ કરવાનો રહેશે, અને તે અંગેની જાણ રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગાંધીનગરને કરવાની રહેશે.
(૮) સંઘે જે વિકાસના કામો માટે સહાય લીધી હશે તે કામ સહાય મળ્યા તારીખથી બે વર્ષની અંદર પૂર્ણ કરવાનું રહેશે. અને સહાય વપરાશ કર્યા અંગેનું પ્રમાણપત્ર માન્ય ઈજનેરની સહી સાથે સંબંધિત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓની ખરાઈ કર્યા બાદ તેમની સહીથી રજિસ્ટ્રારશ્રી,સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય ગાંધીનગરને મોકલવાનું રહેશે.
(૯) તાલુકા / જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘોને સહાયની રકમ છૂટી કરતા પહેલા જિલ્લા રજિસ્ટ્રારશ્રીએ સ્થળ તપાસણી / પ્રગતિ ચકાસવાની રહેશે અને રેગ્યુલેટરી ઓથોરિટીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
(૧૦) આ યોજનાનો અમલ રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય ગાંધીનગર મારફતે કરવાનો રહેશે.
(૧૧) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉધોગ અને ખાણ વિભાગના અધતન ઠરાવથી 'ઈ ટેન્ડરીંગ' બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
(૧૨) પ્રસ્તુત યોજના પૈકી કોઈ યોજના માટે નોડલ એજન્સી નિમવાની થાય તો તે યોજના સિવાય અન્ય યોજના માટે પણ તે જ સંસ્થા / એજન્સી નોડલ એજન્સી તરીકે કાર્ય કરતી હોય તો તે નોડલ એજન્સીએ તમામ યોજનાઓ માટે અલાયદા બેન્ક ખાતાઓ ભારત સરકારની PSU બેન્કમાં ખોલાવવાના રહેશે.
(૧૩) નોડલ એજન્સીએ નાણા વિભાગની અ શાખા અંતર્ગતના તા.૩૧-૦૧-૨૦૧૯, તા.૦૫-૧૧-૨૦૧૭, તા.૨૯-૧૦-૨૦૧૬, તા.૦૧-૦૯-૨૦૧૪ના વિવિધ પરીપત્રો તેમજ વખતો વખત નાણા વિભાગ દ્વારા બહાર પાડવામાં આવતી સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
(૧૪) નોડલ એજન્સી એ નાણાકીય વર્ષના અંતે તેઓ હસ્તક બચત રહેતી રકમ વ્યાજ સહિત સરકાશ્રીમાં પરત જમા કરાવવાની રહેશે. નોડલ એજન્સીએ કોઈ પણ સંજોગોમાં નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા વિના સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટ પાર્ક કરવાની રહેશે નહીં.
(૧૫) પ્રસ્તુત યોજના હેઠળ ખોલાવેલ ખાતામાં રાજય સરકારશ્રી દ્વારા મળનાર ગ્રાન્ટ જમા કરવાથી ઉકત ખાતામાં વ્યાજ સહિત અન્ય તમામ પ્રકારની જે પણ આવક થાય તે તમામ આવક રાજ્ય સરકારશ્રી દ્વારા ફાળવામાં આવતી ગ્રાન્ટનો જ હિસ્સો ગણવામાં આવશે.
(૧૬) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
(૧૭) જો મકાન તોડી પાડવાનું હોય તો મકાન તોડી પાડવાની અનુમતી સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાન્ટ રીલીઝ કરવાની તકેદારી રાખવાની રહેશે.
(૧૮) નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
(૧૯) સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમયસર પૂર્ણ થાય તે રીતે સમયબધ્ધ નાણાકીય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમયસર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.વધુ સમય માટે આ સેવા પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પશ્વાતવર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઈપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.
(૨૦) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકીય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી રાખવાની રહેશે
(૨૧) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
(૨૨) ઓનલાઈન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

અનુસંધાન પાના નંબર : 3

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi, Owner : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Published From : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Printed at : Bhaskar Printing Press, Survey No. 148-P, Near Naagdevta Temple, Changodar-Bavla Highway, Ta. Sanand, Dist. Ahmedabad, Gujarat.
SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and Ahmedabad unaccountable L1 on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 Published on 20-02-2026